PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૭/કવા–૦૨/૧૬–૧૭/ ૮૭૩૬ તા. ૨૬/૦૯/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
પરમાર રામજીભાઈ ભગવાનભાઈ,
ગામ: માણેકવાડા,
તા. મોરબી,
જી. મોરબી

વિષય :–નવા ઘરલાઈટીગ જોડાણ મેળવવા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૩૧–૦૮–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૭૭/કવા–૦૨/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, મોરબી
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, શનાળા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.



[ No: 02 /A ]

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૭૭/ક્વા–૦૨/૧૬–૧૭ કમિટિ મીટીગ તા.૨૩–૦૯–૧૬ સ્થળ :–રાજકોટ

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામ: પરમાર રામજીભાઈ ભગવાનભાઈ,ગામ: માણેકવાડા

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

## વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, શનાળા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, મોરબી)

રજુઆત કરનાર :પી.એન.શેઠ, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, મોરબી

---

## : હુકમ :

ફરીયાદ : નવા ઘરલાઈટીગ જોડાણ મેળવવા બાબત

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ તેમના માણેકવાડા વિસ્તાર ના વણકર વાસ પાસે આવેલ મકાન મા, નવા – બી.પી.એલ કેટેગરી હેઠળ ના ઘર લાઈટ ના જોડાણ ની અરજી સાથે રૂ.૧૪૦/– ભરપાઈ કરી અને શનાળા રોડ પર ની મોરબી કચેરી મા અરજી કરેલ હોવા છતા, પીજીવીસીએલ તરફથી આજદિન સુધી કોઈ કાર્યવાહી થયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ, ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો નીચેની વિગતે, ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર શ્રી એ, તા.૨૯–૦૭–૧૬ ના રોજ, રૂ.૪૦/– નોધણીચાર્જ ભરપાઈ કરી અને, પીજીવીસીએલ ની શનાળા પેટા વિભાગીય કચેરી મા, તેઓએ તેમના માણેકવાડા વિસ્તાર ના વણકર વાસ પાસે આવેલ મકાન મા, નવા ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટે ની અરજી નોધાવેલ છે. આ અરજી સામાન્ય કેટગરી હેઠળ નોધવામા આવેલ હતી. અને તે મુજબ સામાન્ય કેટગરી હેઠળ નુ ભાવપત્રક પણ, તા.૧૨–૦૮–૧૬ ના રોજ અરજદાર શ્રી ને આપવામા આવેલ હતુ. પરંતુ, અરજદાર શ્રી ને, સામાન્ય કેટગરી હેઠળ નહી, પરંતુ– બી.પી.એલ કેટેગરી હેઠળ, કોઈપણ પ્રકાર નો ચાર્જ વસુલ કર્યા વગરનુ, નવુ ઘર લાઈટ જોડાણ મેળવવુ હોય, જેથી અરજદારે, તેઓ શ્રી ને અપાયેલ તા.૧૨–૦૮–૧૬ ના સામાન્ય કેટગરી હેઠળ ના ભાવપત્રક ની રકમ પીજીવીસીએલ મા ભરપાઈ કરેલ નથી. આવા કારણોસર, અરજદાર શ્રી ની, સામાન્ય કેટગરી હેઠળ ના નવા ઘરવપરાશ વીજજોડાણ મેળવવા માટે ની મુળ તા.૨૯–૦૭–૧૬ ની અરજી રદબાતલ કરાયેલ છે. |
| ૨.૨ | અરજદાર શ્રી ને, સબંધક પેટા વિભાગીય કચેરી ના જવાબદાર અધિકારી તરફથી, કચેરી મા રૂબરૂ મુલાકાત સમયે સમજાવવામા આવેલ છે કે, જો તેઓ શ્રી ને, '' નવા જોડાણ નો કોઈપણ ચાર્જ ભરપાઈ કર્યા વગર '' નવુ ઘરવપરાશ વીજજોડાણ મેળવવુ હોય તો, સરકાર શ્રી ના ધારાધોરણ મુજબ, '' એસ.સી./એસ.ટી. કેટેગરી '' તેમજ '' બી.પી.એલ કેટેગરી '' ના નાગરીકો ને, પીજીવીસીએલ તરફથી. '' નવા જોડાણ નો કોઈપણ ચાર્જ ભરપાઈ કર્યા વગર '' નવુ ઘરવપરાશ વીજજોડાણ આપવાની જોગવાઈ છે. આ માટે, અરજદાર શ્રી એ, જો તેઓ '' એસ.સી./એસ.ટી. કેટેગરી '' અથવા તો '' બી.પી.એલ કેટેગરી '' હેઠળ ના હોય, તો તેઓ શ્રી એ, તે કેટેગરી મુજબ ના નાગરીક હોવા સબંધક, પ્રમાણપત્ર, જે નવેસર થી, નિયત અરજી ફોર્મ સાથે, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી મા , અરજી રજુ કરવાની રહેશે. અરજદાર શ્રી ને પીજીવીસીએલ તરફથી આપવામા આવેલ સદર નિયમાધીન માહિતી, યોગ્ય અને વ્યાજબી જણાયેલ છે. જેથી, હવે તેઓ, તે મુજબ ની જ, નવેસર થી અરજી પીજીવીસીએલ મા રજુ કરી, અને અરજી સાથે, તેઓ શ્રી, જે તે કેટેગરી ( '' એસ.સી./એસ.ટી. કેટેગરી '' અથવા તો '' બી.પી.એલ કેટેગરી '' ) ના સબંધક દસ્તાવેજીક પેપર્સ પણ રજુ કરશે. આમ, અરજદાર શ્રી ને પીજીવીસીએલ તરફથી આપવામા આવેલ સદર નિયમાધીન માહિતી, અન્દય સંતોષ રહેતા, હવે પીજીવીસીએલ ના માર્ગદર્શન મુજબ જ નવેસર થી અરજી કરવાનુ તેઓ શ્રી એ, તેઓશ્રી ના તા.૧૬–૦૯–૧૬ ના લેખીત સંમતીપત્ર હેઠળ સ્વીકારેલ છે. આમ, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરવામા આવેલ છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે ની ફરીયાદ, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨.૧ અને ૨.૨ મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક્ તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | અરજદાર શ્રી એ, જો તેઓ '' એસ.સી./એસ.ટી. કેટેગરી '' અથવા તો '' બી.પી.એલ કેટેગરી '' હેઠળ ના હોય, તો તેઓ શ્રી એ, તે કેટેગરી મુજબ ના નાગરીક હોવા સબંધક, પ્રમાણપત્ર, જે નવેસર થી, નિયત અરજી ફોર્મ સાથે, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી મા , જે તે કેટેગરી હેઠળ ના, નવા જોડાણ નો કોઈપણ ચાર્જ ભરપાઈ કર્યા વગર, સદર કેટેગરી હેઠળ, નવેસર થી અરજી રજુ કરવાની રહેશે. આ બાબત, અરજદાર શ્રી એ, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય હોય માન્ય રાખેલ છે. જેથી, હવે અરજદાર શ્રી, જે તે કેટેગરી મુબજ ની જ, નવેસર થી અરજી પીજીવીસીએલ મા રજુ કરી, અને અરજી સાથે, તેઓ શ્રી, જે તે કેટેગરી ( '' એસ.સી./એસ.ટી. કેટેગરી '' અથવા તો '' બી.પી.એલ કેટેગરી '' ) ના સબંધક દસ્તાવેજીક પેપર્સ પણ પીજીવીસીએલ મા રજુ કરી આપશે. જો, અરજદાર શ્રી ની સદર '' એસ.સી./એસ.ટી. કેટેગરી '' અથવા તો '' બી.પી.એલ કેટેગરી '' હેઠળ ની, નવેસર થી અરજી, જે જરૂરી તમામ દસ્તાવેજીક પેપર્સ સાથે પીજીવીસીએલ મા રજુ થશે, તો પીજીવીસીએલ તરફથી તેઓ શ્રી ને, કોઈપણ પ્રકાર ના ખર્ચ વગર, નવુ ઘરવપરાશ વીજજોડાણ, આપવામા આવશે. ફરીયાદી અરજદાર પક્ષકાર તરફથી, પીજીવીસીએલ ની સદર નિયમાધીન બાબત નો, તેઓશ્રી ના તા.૧૬–૦૯–૧૬ ના લેખીત સંમતીપત્ર હેઠળ સ્વીકાર થતા, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ કરાયેલ છે. |

**મુદદા નં.–૪ :** **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એમ.એન. ઓઝા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોંધ** જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની ક્ચેરી, બ્લોક નં. ૩, પોલિટેક્નીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫''** સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..